# બોલિવૂડના હાર્ટથ્રોબ અર્જુન કપૂરે વિશ્વની પ્રથમ ફ્રેન્ચાઇઝી આધારિત સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ શરૂ કરી

- *ટાઈટલ સ્પોન્સર તરીકે સીએટ અને લીગના ઓફિશિયલ વ્હીકલ પાર્ટનર તરીકે ટોયોટા હિલક્સ રહેશે*
- *પ્રથમ રેસિંગ સીઝન ઓક્ટોબર 2023માં દિલ્હીમાં જેએલએન સ્ટેડિયમમાં શરૂ થશે.*
- *ટીમ એસએક્સઆઈ રમતની જટિલતાઓને દૂર કરે છે અને નવા બેન્ચમાર્ક સેટ કરે છે*

**દિલ્હી, જૂન 01, 2023 -** બોલિવૂડ અભિનેતા અને સુપરક્રોસના ફેન ચાહક અર્જુન કપૂરે ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઓફ ઈન્ડિયા (FMSCI)ના સહયોગથી ***સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ***નું અનાવરણ કરતાં ભારતે મોટરસ્પોર્ટ્સની દુનિયામાં એક અદ્વિતીય ક્રાંતિ જોઈ છે. આ અનન્ય લીગ એ પ્રથમ ફ્રેન્ચાઇઝી આધારિત સુપરક્રોસ રેસિંગ લીગ છે, જે વિશ્વભરના રાઇડર્સને વિવિધ ફોર્મેટ અને કેટેગરીમાં સ્પર્ધા કરવા માટે એકસાથે લાવે છે.

સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (ISRL) મોટરસ્પોર્ટ્સની દુનિયામાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, જે એડ્રેનાલિન-પમ્પિંગ એક્શન અને ઉગ્ર સ્પર્ધાને એકસાથે લાવશે. ટાઈટલ સ્પોન્સર તરીકે સીએટ અને ISRLના ઓફિશિયલ વ્હીકલ પાર્ટનર તરીકે ટોયોટા હિલક્સ સાથે, બ્રાન્ડ્સ અને લીગ વચ્ચેની આ ભાગીદારી તેમના નવીનતા, પ્રદર્શન અને આગળ વધતી સીમાઓનાં વહેંચાયેલા મૂલ્યોનો પુરાવો છે.

સૌપ્રથમ સીઝન ઓક્ટોબર 2023માં દેશની રાજધાની નવી દિલ્હીના આઇકોનિક જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે શરૂ થશે. ત્યારબાદ મુંબઈ, પુણે અને અમદાવાદ જેવા અગ્રણી મેટ્રો શહેરોમાં રોમાંચક ઇવેન્ટ્સ યોજાશે. ઓક્ટોબરથી ડિસેમ્બર 2023 સુધી આ શહેરોના ચાહકો કૌશલ્યો, હિંમતભર્યા દાવપેચ અને હાઇ-સ્પીડ એક્શનના આકર્ષક પ્રદર્શનના સાક્ષી બનશે જે સુપરક્રોસ રેસિંગને ફરીથી વ્યાખ્યાયિત કરશે.

**સુપરક્રોસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સહ-સ્થાપક અને ડિરેક્ટર ઈશાન લોખંડેએ** જણાવ્યું હતું કે, *"સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગનો ઉદ્દેશ મોટરસ્પોર્ટના શોખીનોના દિલોદિમાગ પર છવાઈ જવાઈ જઈને સાહસની ભાવના દર્શાવવા અને સીમાઓની આગળ વધવાનું છે. સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ (CISRL)નું લોન્ચિંગ એ ભારતના મોટરસ્પોર્ટ્સ અને ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે મોટી ઘટના છે. લીગનો ઉદ્દેશ્ય યુવા રાઈડર્સને આંતરરાષ્ટ્રીય રાઈડર્સ સાથે ઊભરી આવવા તથા તેમની પ્રતિભાનું જતન કરવા, સ્પોન્સર્સ અને ઉત્પાદકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. તે ઓટો ઉત્પાદકોને તેમની ભવિષ્યની*

*પ્રોડક્ટ્સ તથા નવીનતમ ટેક્નોલોજીસ બતાવવા માટે પણ મોટી તકો ઊભી કરશે. ISRL એ ભારતમાં મોટરસ્પોર્ટ્સની વૃદ્ધિ અને માન્યતાને વેગ આપવા માટેનું એક સકારાત્મક પગલું છે, અને તે વિશ્વ-સ્તરની સ્પર્ધાના સંપર્કમાં આવવાથી ઓટો ઉદ્યોગ પર નોંધપાત્ર અસર કરે તેવી અપેક્ષા છે."*

આ પ્રસંગે **FMSCIના પ્રમુખ શ્રી અકબર ઈબ્રાહિમે** જણાવ્યું હતું કે, *"ફેડરેશન દેશમાં મોટરસ્પોર્ટ સંસ્કૃતિને વેગ આપવા માટે SXI ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી વિચાર પ્રક્રિયા અને પહેલથી અત્યંત ખુશ છે. આ પહેલ ન કેવળ દેશમાં વૈશ્વિક પ્રતિભા જ લાવશે, પરંતુ યુવા પ્રતિભાને ઉછેરવા અને રમતના વૈશ્વિક નકશા પર ભારતને સ્થાન આપવા માટે એક પ્લેટફોર્મ પણ પ્રદાન કરશે."*

પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા **શ્રી અર્જુન કપૂરે જણાવ્યું હતું કે**, *"મારા બાળપણના શરૂઆતના દિવસોથી જ, હું સુપરક્રોસ રેસિંગની તીવ્ર ઉત્તેજના અને રોમાંચથી મોહિત થઈ ગયો હતો. આજે જ્યારે હું આ ભવ્ય અરેનાની આસપાસ જોઉં છું ત્યારે એન્જિનોની ગર્જના અને હવામાં રહેલી ભરપૂર ઉત્તેજનાથી હું કૃતજ્ઞતાથી અભિભૂત છું. સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ વિશ્વના શ્રેષ્ઠ રાઈડર્સની યજમાની કરશે જે આપણી ધરતી પર એકબીજાનો સામનો કરશે, ઉપરાંત ભવિષ્યની પેઢીઓ માટે સુપરક્રોસના રોમાંચ અને આનંદને સ્વીકારવાનો માર્ગ મોકળો કરશે."*

**સીએટ લિમિટેડના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી લક્ષ્મીનારાયણ બીએ** જણાવ્યું હતું કે, *"અમે ઇન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ માટે ટાઇટલ સ્પોન્સર બનવા માટે રોમાંચિત છીએ. આ રમત સાથે સીએટનું જોડાણ સ્પર્ધાત્મક રમતગમતની ઘટનાઓના જુસ્સા અને રોમાંચને સમર્થન અને પ્રોત્સાહન આપવા માટેની અમારી લાંબા સમયથી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. 2014થી ડર્ટ બાઇકિંગની દુનિયામાં સીએટનું રોકાણ કરવામાં આવ્યું છે અને તે 2023માં તેની નવી Gripp MX રેન્જ લોન્ચ કરશે. સીએટના અદ્યતન અને ઉચ્ચ-પ્રદર્શન કરતા ટાયર સુપરક્રોસના પડકારરૂપ પ્રદેશો માટે સંપૂર્ણ રીતે અનુકૂળ છે, રાઇડર્સ માટે શ્રેષ્ઠ પકડ અને નિયંત્રણ સુનિશ્ચિત કરે છે. ટાઈટલ સ્પોન્સર્સ તરીકે અમારું લક્ષ્ય સુપરક્રોસ રેસિંગના ઉત્સાહ અને એડ્રેનાલિનને વધારવાનું છે અને આગળની આનંદદાયક સિઝનની રાહ જોવાનું છે. અમને આ અનોખી રમતનો ભાગ બનવા અને ભારતમાં તેની વૃદ્ધિ અને લોકપ્રિયતામાં યોગદાન આપવા બદલ ગર્વ છે."*

**ટોયોટા કિર્લોસ્કર મોટરના સેલ્સ અને સ્ટ્રેટેજિક માર્કેટિંગના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અતુલ સૂદે** જણાવ્યું હતું કે, *"અમે પ્રથમવાર ઇન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગ માટે ઓફિશિયલ વ્હીકલ પાર્ટનર તરીકે જોડાવા માટે રોમાંચિત છીએ. પ્લેટફોર્મ અમને ટોયોટા હિલક્સ, જે તેની ઓફ-રોડિંગ ક્ષમતાઓ માટે પ્રખ્યાત છે, તેની સાથે વિશિષ્ટ સુપરક્રોસ બાઇકની મૂવમેન્ટ માટે જરૂરી સમર્થન પૂરું પાડવાની અનન્ય તક પૂરી પાડે છે. નિઃશંકપણે, વૈશ્વિક સ્તરે મોટરસ્પોર્ટ્સ સાથે*

*અમારું જોડાણ લાંબા સમયથી છે અને અમે ભારતમાં ભારતીય સુપરક્રોસ રેસિંગ લીગને સમર્થન આપવા માટે ઉત્સાહિત છીએ."*

સીએટ ઈન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગની મૂળ કંપની ટીમ SXI ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય રેસર્સ ઈશાન લોખંડે, વીર પટેલ અને આશ્વિન લોખંડેની આગેવાની હેઠળની અભૂતપૂર્વ પહેલનું સુકાન સંભાળે છે. તેમના બહોળા અંગત અનુભવ અને રમત પ્રત્યેના અતૂટ જુસ્સાને આધારે, તેઓએ ઝીણવટપૂર્વક પરિકલ્પના કરી છે, નિર્ણાયક ગેપને ઓળખી છે અને વૈશ્વિક સ્તરે સુપરક્રોસ રેસિંગને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે સુયોજિત શ્રેણી રજૂ કરી છે. રમત પ્રત્યેની તેમની ઊંડી સમજ અને શ્રેષ્ઠતાના અવિરત પ્રયાસ સાથે, તેઓ સુપરક્રોસના નવા યુગ માટે માર્ગ મોકળો કરી રહ્યા છે જે વિશ્વભરના પ્રેક્ષકોને મોહિત કરશે.

**About CEAT INDIAN SUPERCROSS RACING LEAGUE:**

CEAT Indian Supercross Racing League (CISRL) is the world's first franchised-based Supercross league, a groundbreaking initiative that is set to revolutionize the way sports are perceived in India. It is here to create a global extravaganza, an awe-inspiring spectacle that will captivate Indian spectators like never before. CISRL have signed up with athletes around the world to compete in a variety of formats and categories, pushing the limits of their skills and inspiring the Indian riders to reach new heights. Prepare to be amazed as our stage performers break records of charismatic engagement, adding an extra layer of excitement to this premier motorsport event. The league is committed to providing a safe and competitive environment for riders of all ages and skill levels. The league also believes in giving back to the community and partnering with local organizations to promote youth development and environmental sustainability.

**FOR MEDIA QUERIES AND COMMUNICATIONS:**

Argho Ajay Mukherji: +91 9970829068 | argho.mukherji@adfactorspr.com